# પૂર્ણા બ્રિજ: તંત્રની 'તારીખ પે તારીખ'!

**પાંચમીવાર** પ્રતિબંધ લંબાયો, ટ્રાન્સપોર્ટરોમાં ઉગ્ર રોષ

**ભારે** વાહનોને લાંબા ડાયવર્ઝનથી વધ્યો ખર્ચ, સમય અને નુકસાન



નવસારીઃ નવસારી જિલ્લાના કસ્બાપાર-વિરાવળ-નવસારી માર્ગ પર આવેલા પૂર્ણા નદીના બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર મુકાયેલા પ્રતિબંધને પાંચમી વખત લંબાવવામાં આવતાં હવે તંત્રની કાર્યપદ્ધતિ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. તાત્કાલિક સલામતી માટે લેવામાં આવેલા નિર્ણય હવે ટ્રાન્સપોર્ટ અને વેપાર ક્ષેત્ર માટે સતત આર્થિક ભારણ બની રહ્યો છે.

1978માં બનેલા આ બ્રિજને નબળી સ્થિતિમાં હોવાનું જણાતાં ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો હતો. ત્યારથી ટ્રક, ટેમ્પો અને એસ.ટી. બસોને મરોલી-વેસ્મા અથવા કસ્બાપાર-આમરી-ધોળાપીપળા માર્ગ મારફતે નેશનલ હાઈવે-48 પરથી લાંબા ડાયવર્ઝનનો સહારો લેવો પડી રહ્યો છે. વધેલા અંતરના કારણે ઈંધણ ખર્ચ, સમયનો બગાડ અને માલવહનમાં વિલંબ હવે દૈનિક સમસ્યા બની ગયો છે.

પ્રતિબંધ હવે પાંચમી વખત લંબાતાં ટ્રાન્સપોર્ટરોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓનું માનવું છે કે વધતા પરિવહન ખર્ચની અસર બજારભાવ પર પડી રહી છે, જ્યારે ડાયવર્ઝન માર્ગો પર ભારે વાહનોનાં વધેલા દબાણને કારણે ટ્રાફિક જામ અને અકસ્માતની શક્યતાઓ પણ વધી છે. સ્થાનિકોમાં પણ સવાલ ઊઠી રહ્યો છે કે વર્ષો જૂના મહત્ત્વના બ્રિજની સમયસર જાળવણી કેમ કરવામાં આવી નહીં? અને જો સ્થિતિ ગંભીર હતી તો મજબૂતીકરણ અથવા નવા બ્રિજ અંગે સ્પષ્ટ યોજના અત્યાર સુધી જાહેર કેમ કરવામાં આવી નથી?હાલ જિલ્લામાં એક જ ચર્ચા ગરમ છે, "પ્રતિબંધ તો લંબાતો રહે છે, પરંતુ ઉકેલ કાગળમાંથી બહાર આવશે ક્યારે?" ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાંથી ઊઠતી સૌથી તીખી ટિપ્પણી પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે, "બ્રિજ નબળો એક દિવસમાં થયો નથી પરંતુ આયોજનની નબળાઈ હવે દરરોજ ભોગવવી પડી રહી છે.

## અંબાડા-ટોળી રોડ પર થાંભલા સાથે બાઈક અથડાતા યુવકનું મોત

નવસારીઃ અંબાડા-ટોળી રોડ પર સર્જાયેલા અકસ્માતમાં 24 વર્ષીય યુવાનનું મોત થયું છે, જ્યારે તેનો મિત્ર ઇજાગ્રસ્ત થયો છે. સુરત જિલ્લાના મહુવાના વેલણપુર ગામે રહેતા પ્રિયન મહેશભાઈ હળપતી પોતાની હીરો એસ્ટ્રિક બાઈક (નં. GJ 19 BN 1586) લઈને મિત્ર વિજયભાઈ સાથે પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ઠાકોરભાઈ પટેલના ખેતર પાસે પૂરઝડપે જતી બાઈક પરથી કાબૂ ગુમાતા મોટરસાઈકલ DGVCLના સિમેન્ટના વીજ થાંભલા સાથે અથડાઈ હતી. અકસ્માતમાં પ્રિયનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મિત્ર વિજયભાઈને ઇજાઓ થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે વધુ તપાસ નવસારી ગ્રામ્ય પોલીસ કરી રહી છે.

# કાલીયાવાડીના નવા રોડ પર બેદરકારીનું 'લીકેજ'

12 દિવસ સુધી પાણી વેડફાતું રહ્યું, પાણી બચાવની અપીલ કરતા તંત્રની ઊંઘ હવે ઊડી



નવસારીઃ નવસારીના કાલીયાવાડી વિસ્તારમાં નવનિર્મિત બ્રિજ નજીક પાણીની પાઈપલાઇન તૂટી જતાં છેલ્લા 12 દિવસથી રસ્તા પર સતત પાણી વહેતું રહ્યું હતું. શહેરમાં વિકાસના મોટા દાવાઓ વચ્ચે આ ઘટના મહાનગરપાલિકા તંત્રની બેદરકારી અને આયોજનના અભાવને ખુલ્લી પાડતી જોવા મળી છે. પાણીના કારણે આખો માર્ગ ભીનો અને કાદવમય બની ગયો છે,

સ્થાનિક રહેવાસીઓ જણાવે છે કે છેલ્લા ઘણા દિવસોથી રોડ પર પાણી વહેતું હોવા છતાં મનપા તંત્ર લાંબા સમય સુધી નિષ્ક્રિય રહ્યું હતું. સમસ્યા ઉકેલવા કોઈ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા નહોતા. શહેરમાં પાણીની તંગી અંગે વારંવાર ચર્ચા થાય છે, ત્યારે બીજી તરફ રસ્તા પર પાણીનો વેડફાટ ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આખરે 12 દિવસ બાદ તંત્ર હરકતમાં આવ્યું અને લીકેજ થયેલી પાણીની પાઈપલાઇનને સુધારવા માટે રોડ ખોદી રિપેરિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ અહીં વધુ ચિંતાજનક બાબત એ છે કે કાલીયાવાડી રોડ તાજેતરમાં જ બનાવવામાં આવ્યો હતો. નવા રોડ પર થોડા જ સમયમાં ખોદકામ કરવાની ફરજ પડતાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે જો શરૂઆતથી જ યોગ્ય આયોજન અને ગુણવત્તાપૂર્વક કામ થયું હોત તો આવી સ્થિતિ સર્જાઈ ન હોત. હવે સવાલ એ છે કે રિપેરિંગનો ખર્ચ આખરે કોના માથે આવશે?

# ડાંગ દરબાર મેળામાં યુવતી સાથે વાત કરવા બાબતે મારામારી

**આહવા** પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદ નોંધી

સાપુતારાઃ આહવા ખાતે યોજાયેલા ઐતિહાસિક ડાંગ દરબાર મેળામાં જૂની અદાવત અને યુવતી સાથેની વાતચીત બાબતે બે પક્ષ વચ્ચે અથડામણ થતાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે આહવા પોલીસ થકે બંને પક્ષ દ્વારા સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રથમ ફરિયાદ ગાયખાસ ગામના રહેવાસી અને કોલેજમાં અભ્યાસ કરતા વિશાલભાઈ સીતારામભાઈ ગાયકવાડે નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, તારીખ 02/03/2026 ના રોજ તેઓ તેમના મિત્રો સાથે મેળામાં ફરતા હતા ત્યારે રાત્રિના સમયે પરબડી સર્કલ પાસે સુજલભાઈ સંજયભાઈ ઘુમારે અને તેના સાથીદારોએ તેમને આંતર્યા હતા. આરોપીઓએ અગાઉ પિપલ્યામાળ ગામની વર્ષા નામની યુવતી સાથે ફોન પર થયેલી બોલાચાલીની અદાવત રાખી વિશાલ અને તેના મિત્ર જીતેશ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં વિશાલને ઈજા થતાં આહવા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે સુજલ ઘુમારે અને અન્ય અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બીજી તરફ, આહવા પટેલપાડાના રહેવાસી અને મજૂરી કામ કરતાં વિશાલભાઈ જોષેફભાઈ પવારે સામી ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું હતું કે, તેઓ જ્યારે બસ ડેપો પાછળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે પક્ષ વચ્ચે ઝઘડો થતો જોઈ તેઓ વચ્ચે છોડાવવા પડ્યા હતા. તે સમયે મારામારી દરમિયાન ગાયખાસ ગામના વિશાલભાઈ સીતારામભાઈ ગાયકવાડે તેમના હાથમાં પહેરેલા કડા વડે હુમલો કરતા વિશાલ પવારને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યુવાનને તેના મિત્ર સુજલભાઈએ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. આ મામલે પણ આહવા પોલીસે વિશાલ ગાયકવાડ વિરુદ્ધ પણ ગુનો દાખલ કર્યો છે. હા

# વલસાડ સ્ટેશને રિઝર્વેશનની બે બારીમાંથી એક કાયમ બંધ

વાપીઃ વલસાડ રેલવે સ્ટેશન મુસાફરોની સગવડોમાં કાપ મૂકી રહ્યું હોય તેવું લાગે છે. વલસાડ રેલવે સ્ટેશન ઉપર બે રિઝર્વેશનની બારી પૈકી એક કાયમ બંધ રહે છે. તેના કારણે મુસાફરોનો સમય વધુ બગડી રહ્યો છે. વલસાડ જેવા જિલ્લાના મુખ્ય મથક તેમજ રેલવેના પણ મહત્ત્વના સ્ટેશન ઉપર રિઝર્વેશનની બે બારી ચાલુ રાખવાની જરૂર છે. કેટલોક સમય બે રિઝર્વેશનની બારી ખુલ્લી રહેતી હતી. પરંતુ હમણાં થોડા સમયથી એક બારી બંધ રહે છે. બીજી બારી કેમ બંધ રહે છે ? તે સવાલ છે. બીજી બારી ચાલુ રાખવાની પણ સ્થાનિક તંત્ર તસ્દી લેતું નથી. તે એક આશ્ચર્ય પમાડે તેવી વાત છે. સાથે જ મુસાફરો માટે જે સગવડો હોય તેનાથી હવે વધારવાની જરૂર છે ત્યારે વલસાડ રેલવે સ્ટેશન ઉપર મુસાફરોની જે સુવિધાઓ હતી તેના ઉપર કાપ મૂકાતો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

## નડગખાદી ગામે અકસ્માતમાં યુવકનું મોત

સાપુતારાઃ નવસારીના વાંસદા તાલુકાના વાટી ગામના રહેવાસી ગીરીશભાઈ સતુભાઈ પવાર (ઉં.વ.૩૩) મંગળવારે પોતાની દીકરીને સાસરીમાં મૂકીને પરત ફરી રહ્યા હતા. રાત્રિના સમયે નડગખાદી ગામ પાસેના વળાંકમાં તેમની બાઈક (નં. GJ 21 DE 6972) પરથી કાબૂ ગુમાવતા અકસ્માતમાં તેમનું મોત નીપજ્યું હતું. વઘઈ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# 'રૂપિયા આપી તલાટીની નોકરી કન્ફર્મ કરાવી દઈશ'

**વાંસદાના** યુવક સાથે રૂ.5.56 લાખની ઠગાઈ, મહીસાગરના યુવક સામે ગુનો દાખલ

વાંસદાઃ વાંસદાના ધરમપુરી ગામે રહેતા એક યુવાનને તલાટીની નોકરીની લાલચ આપી મહીસાગરના પરિચિત યુવાને રૂ.5.56 લાખ પડાવી લીધા હતા.

ધરમપુરી ગામે ફાટક ફળિયામાં રહેતો ભાવિન જીવણભાઈ પટેલ (ઉં.વ.28) એ તા. 15/2/2022 ના રોજ તલાટી કમ મંત્રીની પરીક્ષા માટે ઓનલાઈન એપ્લાય કરી હતી. ત્યારબાદ વર્ષ 2023/24 માં તેની સાથે બી.એડમાં અભ્યાસ કરતો તેનો મિત્ર જીગર પુનાભાઈ વાદી (ઉં.વ.25, રહે., ઢોલખાખરા, તા.ખાનપુર, જિ. મહીસાગર) એ ભાવિનને ફોન કરી કહ્યું હતું કે તને કન્ફર્મ નોકરી જોઈતી હોય તો હું અધિકારી સાથે રૂપિયાનો વ્યવહાર કરી તારી નોકરી કન્ફર્મ કરાવી દઈશ, ત્યારે ભાવીને ના પાડી હતી. ત્યારબાદ જીગરે વારંવાર ફોન કરી કહ્યું હતું કે તને મારા પર વિશ્વાસ નથી કે જો તારી નોકરી ન લાગે તો તને વ્યાજ સહિત રૂપિયા આપવાની જવાબદારી, તેમજ સાહેબ સાથે મારી વાત થઈ, તેમને કુલ રૂપિયા 5.50 લાખમાં વાત થઈ ગઈ છે. જેથી ભાવિને જીગરે મંગાવ્યા પ્રમાણે ટોટલ રૂ. 5.65 લાખ તેના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તા. 5/5/2025 સુધી ભાવિનને નોકરી ના મળતા તેણે જીગરને પૈસા પરત આપી દેવા જણાવ્યું હતું. ત્યારે જીગરે તારાથી થાય તે કરી લે એમ કહી ફોન કટ કરી દીધો હતો. જે બાદ પણ કોઈ જવાબ નહીં આવતા ભાવિને વાંસદા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે જીગર વાદી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગણદેવી તાલુકા પંચાયતનું રૂ.૧૦૧.૪૯ કરોડનું બજેટ

**રૂ.**૯૫,૭૦,૫૮,૦૦૦ના ખર્ચ સાથે રૂ. ૪૪,૪૩,૬૦,૨૧૧ની પુરાંત દર્શાવી




બીલીમોરાઃ ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભા ગુરુવાર બપોરે તલીયારા અંબિકાનદી કાંઠે નીલમ ફાર્મમાં મળી હતી, જેમાં એજન્ડા ઉપરના પાંચ કામોને સર્વાનુમતે બહાલી અપાઈ હતી. તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, કારોબારી ચેરમેન વિનોદ પટેલ, ઉપપ્રમુખ નીતાબેન દેસાઈએ આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ.૪૪,૪૩,૬૦,૨૧૧ ની પુરાંત વાળું રૂ.૧૦૧,૪૯,૫૦,૦૦૦ નું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેને સભાસદોએ સર્વાનુમતે મંજુર કર્યું હતું.

ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભા ગુરુવાર બપોરે પ્રમુખ પ્રશાંત શાહની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૬-૨૭ નું વાર્ષિક અંદાજપત્ર રજૂ કર્યું હતું. રૂ.૧૦૧,૪૯,૫૦,૦૦૦ નાં બજેટમાં રૂ. ૯૫,૭૦,૫૮,૦૦૦ના ખર્ચ સાથે રૂ. ૪૪,૪૩,૬૦,૨૧૧ની પુરાંત દર્શાવી હતી.

બજેટમાં તાલુકા પંચાયત સ્વકીય ભંડોળની આવક રૂ.૨.૧૯ કરોડ અંદાજવામાં આવી છે. શિક્ષણ અને બાળવિકાસ માટે ૭.૫૦ લાખ, બાંધકામ ક્ષેત્રે રૂ.૪૬.૮૯ લાખ, સમાજ કલ્યાણ ક્ષેત્રે ૭.૫૦ લાખ, ૨૫ હજાર કૃષિ મહોત્સવ અને ખેડૂત પ્રેરણા પ્રવાસ માટે રૂ.૩૨ હજાર માટે ફાળવણી કરાઈ હતી. આગામી વર્ષમાં રૂ.૧૦૧,૪૯,૫૦,૦૦૦ આવક અંદાજવામાં આવી છે. રૂ.૯૮,૦૮,૫૦,૦૦૦ સરકારી નીતિ નિયમ મુજબ સૂચિત સરકારી અનુદાન, આયોજન મંડળનાં ફંડ, સંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયત સદસ્ય અનુદાનો તેમજ તાલુકા ટીમનાં સંયુક્ત પ્રયત્નો થકી તાલુકાનો સમતોલ વિકાસ થાય તે રીતે આયોજન કરાયું હોવાનું સભામાં જણાવાયું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી ચેતન દેસાઈ, એટીડીઓ કેતન પટેલ, બજેટ તૈયાર કરનાર નાયબ હિસાબનીશ મેહુલ ગોસાઈ, તથા તાલુકા પંચાયતનાં અધિકારી, કર્મચારીગણ, તા.પં.નાં ૨૪ પૈકી ૧૮ સભ્યો હાજર રહ્યા હતાં.

# વાપીની કંપનીમાં ધુળેટીએ હુમલો

**વોચમેનને** પથ્થર વડે તથા તેના બે ભાઈ ઉપર ચપ્પુના ઘા મરાયા

વાપીઃ ધુળેટીનો તહેવાર વાપીની કંપનીમાં લોહિયાળ બની ગયો હતો. વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ બિહાર અને હાલ વાપી નજીકના ભડકમોરા, નાની સુલફડમાં ગોપાલસીંગ સત્યેન્દ્રસીંગ (ઉં.વ.24) રહે છે. તેમના પિતા વાપી જીઆઈડીસી ફર્સ્ટ ફેઝ સ્થિત કલીપકો પ્રા.લિ. કંપનીમાં સિક્યુરીટીની નોકરી કરે છે. ધૂળેટી હોવાથી રજા હોય ગોપાલસીંગ અને તેના બે ભાઈ કંપનીએ પહોંચ્યા હતા. ત્યારે અન્ય 4 વર્કરો પણ આવ્યા હતા અને તેઓની સાથે ભેગા મળી ધૂળેટી રમતા હતાં. આ સમયે સત્યમગીરી પ્રમોદગીરી સાથે 3 વર્કરોનો અંદરો-અંદર ઝઘડો થતો હોય જેથી તેઓને કંપનીની બહાર મોકલી આપ્યા હતા. રાત્રિએ તેઓએ કંપનીના અંદર આવવાની જીદ પકડી હતી અને નહીં બોલાવે તો મારી નાંખવાની ધમકી ઉચ્ચારી કંપની બહારથી પથ્થરો ફેંકતા હતાં. કંપની મેનેજરની ગાડી આવતા ગેટ ખોલ્યો હતો તે સમયે સત્યમગીરી, રૂપકગીરી, રોશનગીરી (તમામ રહે. વાપી કોળીવાડ સ્થિત ચાલીમાં, મૂળ બિહાર) અંદર દોડી આવ્યા હતા અને રોશનગીરીએ પથ્થર છૂટ્ટો માર્યો હતો અને બંને ભાઈઓને પકડીને ઢીક્કાપાટુનો માર માર્યો હતો. રૂપકગીરીએ પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી વોચમેનના ભાઈ ચંદનસીંગને તથા ગુડુસીંગને ઘા માર્યા હતા. રૂપકગીરી ભાગી છૂટ્યો હતો જ્યારે તેના સાળા સત્યમગીરી અને રોશનગીરીને પકડી લીધા હતા. બંને ઈસમને વાપી ઉદ્યોગનગર પોલીસને સોંપ્યા હતાં.

# વાપીના કરવડામાં પાણીની બોટલ લેવા જતાં લાકડાં ઉછળ્યાં

**દુકાનદારની** પુત્રીએ અકડીને વાત કરવા મુદ્દે મારામારી, બંને પક્ષ વિરુદ્ધ ફરિયાદ

વાપીઃ વાપી કરવડમાં 3 મિત્ર ધૂળેટીની ઉજવણી કરી નજીકમાં આવેલી પાણીની બાટલી લેવા દુકાને ગયા હતા ત્યાં દુકાનદારની પુત્રીએ અકડથી વાત કરતાં હોવાના મુદ્દે મારામારી થઈ હતી.

મૂળ યુપી અને હાલ વાપી નજીકના ડુંગરા પાટીયામોરા ફળિયા સ્થિત ચાલીમાં સોનુકુમાર અશોકભાઈ ગુપ્તા (ઉં.વ.25) રહે છે. ગત તા.4-3-26 ને ધુળેટીના તહેવારની ઉજવણી કરી મિત્ર શ્યામુ જુન્ડી નિશાદ, સુરજ રાજબહાદુર નિશાદ (બંને રહે., ડુંગરા, દમણગંગા ગેટ નજીક ચાલીમાં) પાણીની તરસ લાગતા કરવડ પાટીયામોરા સ્થિત સંતોષની દુકાને પાણીની બોટલ લેવા માટે ગયા હતા, જ્યાં દુકાનદારની પુત્રી હાજર હતી અને પાણીની બાટલી માંગતા તેણે અકડથી વાત કરતાં સોનુએ કહ્યું કે, મારી સાથે અકડથી વાત કેમ કરે છે, કહેતા જ સંતોષ દુકાનમાંથી બહાર આવ્યો હતો અને વચ્ચે સમજાવવા પડેલ મિત્ર શ્યામુને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો જ્યારે સંતોષનો છોકરો ધીરજ અને નિરજ પણ આવ્યા હતો અને ધીરજ ઉશ્કેરાઈને સોનુના માથામાં લાકડાનો ફટકો માર્યો હતો જ્યારે નિરજે મિત્ર સુરજને ઢીક્કામુક્કી કરી હતી. આ બનાવમાં સંતોષ તેના બે પુત્ર (તમામ રહે., કરવડ, પાટીયામોરા, વાપી) સામે સોનુ ગુપ્તાએ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામા પક્ષે સંતોષ મુકુટનારાયણ અગ્રહરી (ઉં.વ.45, રહે., કરવડ, પાટીયામોરા, મૂળ યુપી)એ પણ થયેલી બોલાચાલીમાં સોનુકુમાર ગુપ્તા, સુરજ નિશાદ, શ્યામુ (તમામ રહે., કરવડ, પાટીયામોરા)એ પુત્ર ધીરજ અને સંતોષ તેમજ બચાવવા પડેલા પત્ની અને નાનો પુત્ર નિરજને પણ માર્યા હતાં.

### વાપીના છરવાડામાં રમઝાન વાડી વિસ્તારમાં

# હોળી પાસે વિધર્મીઓની લઘુશંકાથી હોબાળો, અંતે માફી માંગતા સમાધાન

વાપી: વાપીના છરવાડામાં રમઝાનવાડી વિસ્તારમાં હોળી પ્રગટાવી હતી તે સ્થળ પાસે બેથી ત્રણ વિધર્મી તરુણોએ લઘુશંકા કરતાં હોબાળો મચ્યો હતો. મંગળવારે રાત્રે રમઝાનવાડી વિસ્તારમાં હિન્દુ સંગઠન તેમજ સ્થાનિક લોકો ભેગા થઈ જતાં મામલો તંગ બન્યો હતો. જોકે પોલીસના ઉચ્ચ અધિકારીઓને જાણ થતાં સ્થળ ઉપર પહોંચી જતાં મામલો થાળે પડ્યો હતો. સ્થાનિક લોકોએ તરુણો પાસે માફી મંગાવીને મામલો થાળે પાડ્યો હતો. મંગળવારે સવારે છ વાગ્યાની આસપાસ આ તરુણોએ હોળી પ્રગટાવી હતી તે સ્થળ પાસે લઘુશંકા કરી હોવાનું જોયું હતું. સાંજે આ મામલે હોબાળો મચ્યો હતો. સ્થાનિક આગેવાનોએ મામલો વધુ બિચકે નહીં તેના માટે તરુણો પાસે માફી મંગાવીને ત્યાર બાદ સમાધાન કરી લીધું હતું. વાપીના ડીવાયએસપી બી.એન.દવે સાથે ગુજરાતમિત્રએ વાત કરતાં તેમણે કહ્યું હતું કે, આ મામલામાં સમાધાન થઈ ગયું હતું. કોઈ ફરિયાદ પણ થઈ નથી.


**જાહેરનામું**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩)
(૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત તારીખઃ- 18 FEB 2026

ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૧૯૭ -જસત-૧૪૨૦૨૬-૨૧૦-ઘ

"મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી.અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન"ના જાહેર હેતુ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી. અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે.૦૧-૦૩-૩૫ ચો.મી. છે અને તે મોજે. હલદવા તા. મહુવા (હાલ-અંબિકા) જિ. સુરતની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે. ૦૧-૦૩-૩૫ ચો.મી. જમીનને સદરહું અધિનિયમ ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ- ૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી.અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન" ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. હલદવા તા. મહુવા (હાલ-અંબિકા) જી.સુરત ની ક્ષેત્રફળ હે.આરે.૦૧-૦૩-૩૫ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
ક્રમાંકઃ માહિતી-સૂરત/૧૫૯૨/૨૦૨૬ સરકારના ઉપ સચિવ



**જાહેરનામું**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩)
(૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત તારીખઃ- 18 FEB 2026

ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૧૯૫-જસત-૧૪૨૦૨૬-૨૦૭-ઘ

"મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતના જહાંગીરપુરા વરીયાવ નવી પારડી કિ.મી. ૧૦/૦ થી ૨૧/૮૨૫ની વીડ્થમાં વધારો કરવાના કામે"ના જાહેર હેતુ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતના જહાંગીરપુરા વરીયાવ નવી પારડી કિ.મી. ૧૦/૦ થી ૨૧/૮૨૫ની વીડ્થમાં વધારો કરવાના કામે"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે.૦૦-૦૭-૦૪ ચો.મી. છે અને તે મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.૦૦-૦૭-૦૪ ચો.મી. જમીનને સદરહું અધિનિયમ ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ- ૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "મોજે. ઉમરા તા. ઓલપાડ જિ. સુરતના જહાંગીરપુરા વરીયાવ નવી પારડી કિ.મી. ૧૦/૦ થી ૨૧/૮૨૫ની વીડ્થમાં વધારો કરવાના કામે" ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. ઉમરા તા. ઓલપાડ જી.સુરત ની ક્ષેત્રફળ હે.આરે. ૦૦-૦૭-૦૪ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
ક્રમાંક : માહિતી-સૂરત/૧૫૮૯/૨૦૨૬ સરકારના ઉપ સચિવ